સુરતમાં ગણેશ વિસર્જનની સાથે સાથે...

અડાજણના સાંઇ સંસ્કાર યુવક મંડળ દ્વારા ૨૫ વર્ષથી ઉઘાડા પગે પાલખીયાત્રાની પરંપરા

સુરતઃ અડાજણના સંસ્કાર રો હાઉસમાં સાંઈ સંસ્કાર યુવક મંડળ દ્વારા છેલ્લા 25 વર્ષથી ગણેશ વિસર્જનના દિવસે અનોખી પરંપરા જાળવી રાખવામાં આવી છે. વિસર્જનના દિવસે મંડળ દ્વારા ગણેશજીની પાલખી સાથે સોસાયટીમાંથી અંદાજે છ કિમીની પગપાળા યાત્રા કાઢવામાં આવે છે. સંસ્કાર સોસાયટીના રહીશો ઉઘાડા પગે પાલખી સાથે વિસર્જન યાત્રામાં જોડાય છે. યાત્રા દરમિયાન ગણેશજીને મહાલક્ષ્મી માતાના મંદિરે દર્શન માટે લઈ જવામાં આવે છે. જ્યા માતાજી અને ગણેશજીની આરતી બાદ દર્શન બાદ પાલખી સાથે યાત્રા ફરી સોસાયટી નજીક પહોંચે છે, જ્યાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવે છે. મંડળના સંચાલક રવિભાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા 25 વર્ષથી આ પરંપરા શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે સતત જાળવી રાખવામાં આવી છે.

અડાજણના કૃત્રિમ તળાવમાં વિસર્જન વેળા બાળકીએ ગણેશજી સાથે વાતો કરી ભાવુક બની

સુરતઃ અડાજણના અજારામર ચોક વિસ્તારમાં શ્યામ ગ્રુપ દ્વારા ગણેશ વિસર્જન દરમિયાન ભાવુક દૃશ્ય જોવા મળ્યું હતું. મંડપ ખાતે જ બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન સમયે મહેલ પટેલ નામની બાળકી ગણેશજીની મૂર્તિ પાસે બેસીને બાપા સાથે ભાવુક થઈ વાત કરતી જોવા મળી હતી. ગણેશજીને વિદાય આપતી વેળાએ બાળકીની લાગણીસભર ક્ષણો ઉપસ્થિત ભક્તો માટે પણ ભાવુક બની હતી. આયોજક ભરત પટેલ અને કલ્પેશ પટેલ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ગણેશોત્સવ દરમિયાન આ પરંપરા જાળવી રાખવામાં આવી છે. પર્યાવરણની દૃષ્ટિએ મંડપ ખાતે જ બનાવાયેલા પોંડમાં વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બાળકોમાં ગણેશજીની અનેરી ભક્તિ વિસર્જન યાત્રામાં બાળકો રડી પડ્યા

સુરતઃ ગણેશજીના સ્થાપન શેરી, સોસાયટીની સાથે લોકોના ઘરોમાં પણ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. આગમનથી લઈને, 10 દિવસ સુધી મનથી બાપાની સેવા અને ભક્તિ બાદ જ્યારે વિસર્જનનો સમય આવે છે ત્યારે તમામ ભક્તોની આંખો નમ થઇ જતી હોઇ છે. આવામાં બાળકો સૌથી વધું ભાવુક થાય છે. વિસર્જન યાત્રા દરમિયાન પોતાના બાપાને જતા જોઈ અનેક બાળકો રડતા નજરે પડ્યા હતા અને તેમના પરિવારના સભ્યો બાપા ફરી આવતા વર્ષે આપણે ત્યાં પધારશે તેમ સમજાવતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

ડુમસ અને મગદલ્લા ઓવારાએ વિસર્જન વ્યવસ્થાને પગલે હજીરા ઓવારે ભારણ ઘટ્યું

સુરતઃ આ વખતે ડુમસ ઓવારા અને મગદલ્લા ઓવારા પહેલેથીજ સજ્જ હતો. આ ઓવારા ખાતે 15 ફુટની મુર્તીઓ માટેના વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી હતી. રસ્તાઓ પર ખાસ આ ઉંચાઇને લઇને બેનર પણ મારવામાં આવ્યા હતા. જેથી અનેક ગણેશ મંડળો ડુમસ કાંદી ફળિયા અને મગદલ્લા ઓવારા ખાતે વળી ગયા હતા. જેથી હજારો પ્રતિમાનું વિસર્જન આ બે ઓવારા પર થતા હજીરા ખાતે મૂર્તિઓનો લોડ પાછલા વર્ષની સરખામણીમાં ઓછો થયો હતો.

અનેક સેવાભાવી સંસ્થાઓએ પાણી, છાશ, ફ્રુટ અને નાસ્તાનું વિતરણ કર્યું

સુરતઃ મહારાષ્ટ્ર બાદ સૌથી વધું ગણેશ પ્રતિમાઓની સ્થાપના સુરતમાં કરવામાં આવે છે, ત્યારે સુરતમાં વિસર્જન યાત્રાને નિહાળવા માટે હજારોની સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહે છે. દરમિયાન તેમને સહકાર મળી રહે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ફ્રૂટ,પાણી, છાંસ, તેમજ નાસ્તાનું વિતરણ કર્યું હતું. જ્યારે પથ વિજય ભગવાન ધર્મચક્ર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વજુ પારેખ દ્વારા ફરજ પર હાજર પોલીસ કર્મી, ગણેશ ઉત્સવ સમિતિ સહિતના સભ્યોને છાસ, થેપલા, લસ્સી, અને સૂકા નાસ્તાનું વિતરણ કર્યું હતું.

ધારાસભ્ય સંદિપ દેસાઇએ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કર્યું

સુરતઃ અનંત ચતુર્દશીના દિવસે ઘર-આંગણે તેમજ ગલી-મહોલ્લામાં પધારેલા વિઘ્નહર્તા ગણેશજીને ભક્તિભાવપૂર્વક વિદાય આપવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝોન-બી વિસ્તારમાં નિર્મિત કૃત્રિમ તળાવમાં વહેલી સવારથી મોડી સાંજ સુધી ગણેશ પ્રતિમાઓના વિસર્જનની પ્રક્રિયા ચાલી હતી. રાત્રે 8 વાગ્યા સુધીમાં અહીં નાની-મોટી મળીને અંદાજે 1209 ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. મોડી સાંજે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈએ કૃત્રિમ તળાવની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ સચિન પોલીસ ઈન્સ્પેક્ટર સાથે ગણેશ પ્રતિમાનું વિસર્જન કરી બાપાને ભાવભીની વિદાય આપી હતી. વિસર્જન દરમિયાન વ્યવસ્થા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા પણ જરૂરી કામગીરી કરવામાં આવી હતી.

અનેક સ્થળોએ ઘરઆંગણે જ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન કરાયું

સુરતઃ લોકોમાં હવે ખુબજ જાગ્રુતા આવી છે. વિસર્જનના લાંબા રૂટથી બચવા અને પર્યાવરણની જાગૃતિ માટે હવે હજારોની સંખ્યામાં ગણેશ પ્રતિમાઓનું વિસર્જન તળાવ, દરિયા તેમજ નહેરમાં કરવાની જગયાએ કૃત્રિમ કુંડ તૈયાર કરી તેમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વાજતે ગાજતે સ્થાનિક સોસાયટીઓ અને શેરીઓમાંથી વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી અને ત્યારબાદ પોતાના ગણેશ પંડાલ પાસેજ ગણેશ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

પોલીસ દ્વારા તમામ ટ્રાફિક સિગ્નલ બંધ કરી દેવામાં આવ્યા

આજે ગણેશજીની વિસર્જન યાત્રા માટે શહેર પોલીસ દ્વારા તમામ ટ્રાફિક સિગ્નલ બંધ કરી દેવામાં આવ્યા હતા, તમામ સર્કલ પર ટીઆરબી અને ટ્રાફિક પોલીસના માણસો વિસર્જન યાત્રાને યોગ્ય માર્ગ મળી રહે અને પરમિટ અનુસાર રૂટ પર આગળ વધે તે માટે મુકી દેવામાં આવ્યા હતા. વિસર્જન યાત્રા અને યાત્રાને નિહાળવા માટે નીકળેલા લોકોને કારણે ટ્રાફિક ન સર્જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ઉપરાંત વાહન ચાલકો પાસેથી દંડની કામગીરી પણ બંધ રાખવામાં આવી હતી.

ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટે પાણીની પરબ ઊભી કરી

દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવાભાવી સંસ્થા ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા ચોકબજાર ચાર રસ્તા ખાતે ગણેશ ભક્તો માટે પાણીની પરબની પણ વ્યવસ્થા ઉભી કરાઈ હતી. ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પાણી પીવડાવવાની સાથે સાથે ગણેશ ભક્તોનું સ્વાગત પણ કર્યું હતું. ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ છેલ્લા 11 વર્ષે ગણેશ વિસર્જનના દિવસે ગણેશ ભક્તો માટે પાણીની પરબ ઉભી કરી કોમી એક્તાનો સંદેશો પાઠવે છે.

રાજમાર્ગ ઉપર ગણેશ આયોજકો અને પોલીસ વચ્ચે ચકમક ઝરી

રાજમાર્ગ ઉપર ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન ગણપતિના આયોજકો અને પોલીસ વચ્ચે ઘર્ષણના બનાવો બન્યા હતા. ભાગળ ચાર રસ્તા ઉપર કેટલાક ગણેશયાત્રાના આયોજકો દ્વારા લાંબા સમય સુધી રોકાઈને ગુલાલ ઉડાવવવામાં આવી રહ્યો હતો. જેથી તૈનાત પોલીસ ટીમે તેમને ના પાડવામાં આવી હતી અને યાત્રા આગળ લઈ લેવા જણાવ્યું હતું. જેથી ગણેશયાત્રાના આયોજકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ ઉભું થયું હતું. ડીસીબીના એસીપી કિરણ મોદી અને તેમની ટીમ પણ પહોંચી ગઈ હતી. જોકે મામલો બિચકાયો હતો અને આયોજકો તેમજ પોલીસ વચ્ચે મારામારી જેવા દ્રશ્યો સર્જાયા હતા. બાદમાં પોલીસ દ્વારા ગુલાલ અને ફટાક્ડા પણ કબજે લઈને પરત આપી દેવામાં આવ્યા હતા.

INS વિક્રમાદિત્ય અને વિરાટ યુદ્ધજહાજની પ્રતિકૃતિ સાથેની ભવ્ય ઝાંખીએ આકર્ષણ જમાવ્યું

સુરતના ભાગળ રાજમાર્ગ પર ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન દેશભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. એનીબેસન્ટ યુવક મંડળ દ્વારા INS વિક્રમાદિત્ય અને વિરાટ યુદ્ધજહાજની પ્રતિકૃતિ સાથેની ભવ્ય ઝાંખી તૈયાર કરવામાં આવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ યુદ્ધજહાજમાં ગણપતિની મુર્તિ રાખવામાં આવી હતી. જેમાં નૌકાસેનાના યુનિફોર્મમાં સજ્જ યુવાનો જોવા મળ્યા હતા. કેટલાક લોકોએ આ અદભૂત નજારાને કેમેરામાં કેદ કર્યો હતો.

ગણેશ ભક્તોએ શ્રીજીની વિસર્જનયાત્રા કાઢીને ઘર આંગણે પ્રતિમાઓનુ વિસર્જન કર્યું

મહારાષ્ટ્ર બાદ સુરત શહેરમાં સૌથી વધુ ગણેશ પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભક્તો દ્વારા ઘરમાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ૧૨ દિવસ સુધી શ્રીજીની આરાધના કર્યા બાદ ભારે હૈયે બાપાને આજે વિદાય આપવામાં આવી હતી. તાપી નદીને દુષિત થતી અટકાવવા માટે નદીમાં દેવી દેવતાની પ્રતિમાનું વિસર્જન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેને પગલે કૃત્રિમ તળાવની જગ્યાએ પોતાના ઘર આંગણે ગણેશ પ્રતિમાનું વિસર્જન કરનાર ગણેશ ભક્તોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. મનપા દ્વારા પણ લોકોને ઘર આંગણે ગણેશ પ્રતિમાનું વિસર્જન કરવા અંગેની અપિલ કરવામાં આવતી હોય છે. આજે ગણેશ વિસર્જનના દિવસે શહેરની સંખ્યાબંધ સોસાયટીઓમાં આજે સવારે ગણેશજીની પૂજા કર્યા બાદ સોસાયટીના રહીશોએ સોસાયટીમાં જ ધામધૂમ પૂર્વક શ્રીજીની વિદાય યાત્રા કાઢી હતી. પરીવારના સભ્યો તેમજ સોસાયટીના રહીશો ડ્રેસ કોર્ડ સાથે શ્રીજીની વિસર્જન યાત્રામાં જોડાયા હતા અને ત્યાર બાદ ઢોલ-નગારા સાથે ગણેશ ભક્તોએ સોસાયટીઓમાં જ મોટા વાસણ, ટાંકીમાં બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

ગણેશ પ્રતિમાને ચઢાવવામાં આવેલા અનામેન્ટસનો રી-યુઝ નવરાત્રીના આભુષણોમાં કરવામાં આવશે

ગણેશ ભક્તો દ્વારા ગણેશ પ્રતિમાને વાઘા, મુગટ અને બનાવટી ઘરેણાથી શુશોભિત કરવામાં આવે છે. ગણેશ પ્રતિમાનું વિસર્જન કરવા સાથે શુશોભિત કરવામાં આવેલી વસ્તુઓને પણ મુર્તિ સાથે કૃત્રિમ તળાવમાં વિસર્જન કરી દેવામાં આવતુ હોય છે.

ગણેશ પ્રતિમાં પર લગાડવામાં આવેલા બનાવટી આભુષણોની કિંમત વધુ હોય આ આભુષણોનો રીયુઝ કરી પર્યાવરણની જાળવણી કરવાની પહેલ મનપા દ્વારા કરવામાં આવી છે. જેને પગલે આજે વિસર્જન દરમિયાન મનપાના કૃત્રિમ તળાવમાં વિસર્જન માટે આવેલી પ્રતિમાઓ પરથી આભૂષણો, વાઘા અલગ કરવામાં આવ્યા હતા.

યુસીડી વિભાગ દ્વારા અમલીકૃત દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત રચાયેલ સ્વસહાય જૂથ ની બહેનોને રોજગારી મળી રહે તે માટે મનપા દ્વાર આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. કૃત્રિમ તળાવો પાસે કન્ટેનરમાં ગણેશ પ્રતિમાને પહેરવામાં આવેલા હાર, કપડા તેમજ સજાવટની સામગ્રીનું સોર્સ સેગ્રીગેસન કરવા માટે મુકવામાં આવ્યા હતા. કૃત્રિમ તળાવ પર શ્રીજીની પ્રતિમા પરથી જુદી કાઢેલા મુગટ, આભૂષણ , ખેસ તથા અન્ય વસ્તુઓ માંથી ચણિયાચોળી, ઘરેણાં, સુશોભનની વસ્તુ બનાવવામાં આવશે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ સુરત પાલિકાએ કૃત્રિમ તળાવ બહાર આવા પ્રકારની વસ્તુઓ કલેક્શનના સ્ટોલ મુકયા હતા. આભુષણ સહીતની ચીજવસ્તુઓ રી-યુઝ કરીને જરૂરીયાતમંદ મહિલાઓને રોજીરોટી પુરી પાડવાની કામગીરી કરવામાં આવશે.

સુરતમાં વધુ બે આપઘાત, અમરોલીના કારીગરનો આર્થિક ભીંસમા અને માતાના જમવા મુદ્દે ઠપકાથી પુત્રીનો આપઘાત

સુરત, તા.૨૫

અમરોલી વિસ્તારમાં રહેતા 23 વર્ષીય એમ્બ્રોઈડરી કારીગરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, અમરોલી વિસ્તારમાં મનીષ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો 23 વર્ષીય પંકજ હરિપ્રસાદ કોરી એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. પરિવારમાં તેનો અન્ય એક ભાઈ પણ છે. આજે સવારે પંકજે ઘરે ફાંસો ખાઈ લીધો હતો. યુવકના આપઘાત પાછળ આર્થિક સંકડામણ કારણભૂત હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોક, આપઘાતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા પરિવારજનોના નિવેદન સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે.

એમ્બ્રોઈડરીના કારખાનામા કામ કરતા ૨૩ વર્ષિય પંકજ હરિપ્રસાદ અને નિશું બિંદે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધું

છાપરાભાઠા ખાતે માતા તરફથી જમવા મુદ્દે મળેલા ઠપકાથી યુપીવાસી પરિવારની 19 વર્ષીય યુવતિએ ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું.

મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ છાપરા ભાઠા વિસ્તારમાં મણી પુરુષોત્તમ સોસાયટીમાં રહેતા લક્ષ્મણ બિંદ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 19 વર્ષીય પુત્રી નિશું ઘરે જ ધાગા કટિંગનું કામ કરી પરિવારને આર્થિક મદદ કરતી હતી. આજે સવારે પોતાના ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.આજે સવારે જમવા બાબતે માતાએ નિશુંબેનને ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લાગી આવતા તેણીએ પગલું ભરી લીધું હતું.

કતારગામમાંઓનલાઇનશોપિંગગોડાઉનમાં આગ, લાખો રૂપિયાનો સામાન બળીને ખાખ

સુરત, તા.૨૫

કતારગામના નારાયણ નગરમાં ઓનલાઈન શોપિંગના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. જેમાં લાખોનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

કતારગામ સ્થિત નારાયણ નગર સોસાયટીમાં આવેલા એક મકાનના પ્રથમ માળે ચાલતા ઓનલાઈન શોપિંગના ગોડાઉનમાં આજે બપોરે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. મકાન માલિક અંકિત સવાણીએ પોતાના મકાનના પ્રથમ માળના ત્રણ રૂમોમાં મેડિકલ કિટ્સ અને ઓનલાઈન શોપિંગનો વિપુલ પ્રમાણમાં સામાન ખચાખચ ભરી રાખ્યો હતો. સાંજે આશરે 4:30 વાગ્યે શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગતાં જોતજોતામાં આખા માળ પર ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. સબ ફાયર ઓફિસર મારુતિ સોનવણેની આગેવાની હેઠળ ફાયર ટીમે પાણીનો સતત મારો ચલાવી ટૂંક સમયમાં જ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં મોટા ભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ
રજિસ્ટર્ડ ઓફિસ : ૦૯, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭ બ્રાંચ ઓફિસ : ઓફિસ નં.૭૦૧, ૭મા માળે, રોયલ ટ્રેડ સેન્ટર, સ્ટાર બઝારની સામે, અડાજણ, સુરત-૩૯૫૦૦૯

સ્થાવર મિલકતના ઈ- ઓકશન સેલ માટેની જાહેર નોટીસ
[સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૯(૧) હેઠળ]

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ અંતર્ગત હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (સલામત ધિરાણકર્તા) પાસે ગીરો રાખેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓકશન નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/ પ્રતિનિધિઓ(દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે સલામત ધિરાણકારપાસે ગીરો મુકી હતી જેનો વાસ્તવિક કબજો **હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (સલામત ધિરાણકર્તા)ના અધિકૃત અધિકારીએ લીધેલ છે ,જેનું વેચાણ તા. ૧૫- ૧૦ -૨૦૨૬ (ઈ-ઓકશન તારીખ) ના રોજ 'જેમ છે જયાં છે' અને જે છે' અને 'જે છે તે છે' અને 'ગમે ત્યાં હોય'** ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.

ઈ- ઓકશનમાં ભાગ લેવા માટે બીડરોએ સીલ્ડ કવરમાં ઈએમડીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ/આરટીજીએસ/એનઈએફટી દ્વારા જાહેર ઈ-ઓકશન માટે બીડ ફોર્મની સાથે **હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારીને ૧૪-૧૦ -૨૦૨૬ના સાંજે ૫.૦૦ કલાક સુધીમા બ્રાંચ ઓફિસ : ઓફિસ નં.૭૦૧,૭મા માળે,રોયલ ટ્રેડ સેન્ટર,સ્ટાર બઝારની સામે,અડાજણ,સુરત ૩૯૫૦૦૯** ખાતે પહોંચાડવાનું રહેશે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ / ડીમાન્ડ નોટીસ મુજબ બાકી રકમ	કબજાનો પ્રકાર (વાસ્તવિક/ સાંકેતિક)	અનામત કિંમત	અર્નેસ્ટ મની
HHFSURHOU 23000044132 //HHFSURLAP 24000047778	શાહ મિલનકુમાર બાબુલાલ, મિલનકુમાર બાબુલાલ, પારૂલબેન મિલનકુમાર શાહ	૧૫.૧૨.૨૦૨૫ રૂ. ૩૩,૯૬,૧૫૯/- ૨૨-૦૯-૨૦૨૬ ના રોજ	વાસ્તવિક	રૂ. ૨૭,૯૦,૦૦૦/-	રૂ.૨,૭૯,૦૦૦/-

મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી બિનખેતી સ્થાવર મિલકત ફ્લેટ નં.૧,હાયર ગ્રાઉન્ડ ફ્લોર સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૯૭૧ ચો.ફૂટ અથવા ૯૦.૨૧ ચો.મી. અને બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૭૧.૬૮ ચો.મી. અને ટેક્ષ બીલ મુજબ કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૫૯.૭૪ ચો.મી.ની સાથે બિલ્ડીંગ નં.-બી,મહાવીર કોમ્પલેક્ષ શ્રી વીર વર્ધમાન કો.ઓ.હા.સો.લિ.ની અવિભાજિત જમીનનો ભાગ રે.સ. નં.૨૫૪,૨૫૬/૨+૩,ટીપી સ્કીમ નં. ૧૩,ફા.પ્લોટ નં.૧૧૬ **મોજે અડાજણ સુરત સીટી ગુજરાત ની સાથે ટાઈટલ દસ્તાવેજ મુજબની કોમન સુવિધાઓ**

નિયમો અને શરતો આ મુજબ છે
ઈ -ઓકશન પોર્ટલ દ્વારા ૧૫- ૧૦ -૨૦૨૬(ઈ-ઓકશનની તારીખે) સવારે ૧૧.૦૦ બાદ દરેક માટે મર્યાદિત ૧૦ મિનિટના વધારા સાથે થશે.
રસ ધરાવનારા બીડરોએ ઈએમડી ડીપોઝીટની રકમ આરટીજીએસ/એનઈએફટી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની તરફેણમાં જમા કરાવવાની રહેશે. નિષ્ફળ બીડરોને ઈએમડીની રકમ ઈ-ઓકશન પુરૂ થયા બાદ પરત કરવામાં આવશે.
ઈ-ઓકશનના નિયમો અને શરતોઃ ૧) ઈ-ઓકશન ' જેમ છે જયાં છે' અને જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના ધોરણે ઓન લાઈન યોજાશે. ૨) બોલી વધારાની રકમ રૂ.૧૫,૦૦૦/- (રૂપિયા પંદર હજાર પુરા) અનામત કિંમત રૂ.૨૫ લાખ હોય ત્યાં સુધી,રૂ.૨૫,૦૦૦/-(રૂપિયા પચ્ચીસ હજાર પુરા) અનામત કિંમત રૂ.૨૫ લાખ થી વધુ અને રૂ.૫૦ લાખ હોય તો અને રૂ.૫૦,૦૦૦/-(રૂપિયા પચાસ હજાર પુરા) અનામત કિંમત રૂ.૫૦ લાખથી વધુ અને રૂ. ૧ કરોડ સુધી તથા રૂ.૧,૦૦,૦૦૦/-(રૂપિયા એક લાખ પુરા) રૂ.૧ કરોડથી વધુ અનામત કિંમત માટે રહેશે. ૩) ઈ-ઓકશન મે. સી-વન ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા થશે.શ્રી ધરણી ક્રિષ્ણા-૯૯૪૮૧૮૨૨૨૨ (હેલ્પ લાઈન નં. : સપોર્ટ લેન્ડલાઈન નં.+૯૧ ૧૨૪ ૪૩૦૨૦૨૦/૨૦૨૧/૨૦૨૨,૨૦૨૩,૨૦૨૪ સપોર્ટ મો.નં. +૯૧૭૨૯૧૯૮૧૧૨૪/ ૨૫/૨૬ અને ઈમેલ આઈડી : support@bankeauctions.com/andhra@c1india.com અથવા વેબ પોર્ટલ : https:// bankeauctions.com ૪) ઉપરોકત મિલકતો પર કોઈ અન્ય બોજો સલામત ધિરાણકાર ની જાણમાં નથી. તેમ છતાં રસ ધરાવનારાઓએ પોતાની બીડ રજુ કરતા પહેલા ઉપરોકત મિલકતો ઉપર સેલ્સ ટેક્ષ/પ્રોપર્ટી ટેક્ષ,ઈલેકટ્રીસીટી ચાર્જિસ,સોસાયટીના બાકી, જેવા કોઈ સરકારી કે બાકી છે કે નહીં તેની ચકાસણી જે તે ઓફિસમાંથી કરી લેવાની રહેશે.ઈ-ઓકશનની આ જાહેરાત માં હિરો હાઉસિંગ ફાઈનાન્સના કોઈ પ્રતિનિધિ કે કોઈ વચનબધ્ધતા નથી ૫) અધિકૃત અધિકારી/સલામત ધિરાણકાર કોઈપણ પ્રકારના ત્રાહિત દાવા/અધિકારો/ બાકી લેણાં માટે જવાબદાર નથી.વેચાણ ધી સિક્યુરાઈટેઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨માં દર્શાવેલ નિયમો/ શરતો મુજબ જ થશે. ઓકશનના નિયમો અને શરતો આ વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ છે : www.herohousingfinance.com૬) મિલકત વિશે વધુ જાણકારી માટે શ્રી જિગ્નેશ સવજીભાઈ સોલંકી મો.નં.૭૯૮૪૧૭૮૬૬૩ /શેખર સિંઘ /૯૭૧૧૫૨૨૨૭૫/shekhar.singh@herohfl.com અને/ jignesh.solanki@herohfl.com ઉપર સંપર્ક કરવો. ૭. સંભવિત બીડરો મિલકતનું નિરીક્ષણ તા.૦૮- ૧૦-૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ દરમિયાન અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને કરી શકશે.

દેવાદાર/જામીનદાર/ગીરોદારોને વેચાણ અગાઉની ૧૫ દિવસની નોટીસ
ઉપરોકત દેવાદાર/જામીનદાર/ગીરોદારોને ખંડ ૧૩(૨) મુજબ આપવામાં આવેલી નોટીસની તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચ સહિતની રકમ ચુકવી દેવા જણાવવામાં આવે છે.એમાં નિષ્ફળ જશો તો મિલકતની હરાજી કરવામાં આવશે અને જો કોઈ રકમ ત્યારબાદ પણ બાકી હશે તો તેનું વ્યાજ સહિત લેણું વસુલવામાં આવશે.
વેચાણની વધુ વિગતો માટે નીચે આપેલી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.(સલામત ધિરાણકર્તા) ની વેબ સાઈટ ઉપર આ લીંકની મુલાકાત લો. https://uat.herohomefinance.in/hero-housing/other-notice અથવા હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.(સલામત ધિરાણકાર)ની વેબ સાઈટ ઉપર સંપર્ક કરવો : www.herohousingfinance.com

તા.૨૬.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત/ગુજરાત
વતિ, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ - અધિકૃત અધિકારી
શ્રી જિગ્નેશ સવજીભાઈ સોલંકી મો.નં.૭૯૮૪૧૭૮૬૬૩
ઈમેલ આઈડી : jignesh.solanki@herohfl.com

જાહેર ચેતવણી



આથી અમો નીચે સહી કરનાર (૧) મનજીભાઈ નાગજીભાઈ ગાબાણી તથા (૨) અંકિતભાઈ મનજીભાઈ ગાબાણી, રહે. સુરતનાઓ આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે બાજુના ફોટાવાળા વ્યકિત નામે જગદીશભાઈ મનજીભાઈ ગાબાણી, ઉ.આ.વ.૩૧, મુળ રહેવાસી ગામ : ધારૂકા, તા. ઉમરાળા જી. ભાવનગર, હાલ રહેવાસી સુરતના જે અમો નીચે સહી કરનાર નં. ૧ ના પુત્ર તથા નં. ૨ ના ભાઈ થાય છે. તેઓ છેલ્લા ઘણા સમયથી અમારાથી અલગ રહે છે અને તેઓ શું કરે છે તેઓની અમોને જાણ નથી તેઓ પોતાની રીતે સ્વછંદી જીવન જીવે છે, તેઓએ આજદીન સુધી અમોને કોઈપણ રીતે મદદ કરેલ નથી આથી તેઓને અમોએ અમારા પરીવારમાંથી બેદખલ કરેલ છે. તેઓની સાથે દરેક પ્રકારે સંબંધોનો અંત કરેલ છે. જેથી અમારો કે અમારા પરીવારનો તેમની સાથે કોઈપણ પ્રકારનો સાથ સહકાર કે સંબંધ નથી. અમારી સાથે કોઈપણ આર્થિક,સામાજીક,ધંધાકીય વ્યવહારો ચાલી આવેલ નથી અને ભવિષ્યમાં રાખનાર નથી અને તેની સાથે અમારે કોઈપણ જાતના વ્યવહારો નથી, જેથી તેઓની સાથે કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકએ પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક,ધંધાકીય વ્યવહારો કરવા-કરાવવા નહી, તેમ છતા કોઈ વ્યકિત કે સંસ્થા કે બેંક પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક,ધંધાકીય વ્યવહારો કરશે-કરાવશે તો તેની તમામ પ્રકારની જવાબદારી વ્યવહાર કરનારની વ્યકિતગત રહેશે અમારી કે અમારા પરીવારની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી. તેની લાગતા વળગતાએ તેમજ જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

આ નોટીસ મારી સુચના અને ફરમાઇશથી
(૧) મનજીભાઈ નાગજીભાઈ ગાબાણી
(૨) અંકિતભાઈ મનજીભાઈ ગાબાણી

ગૌતમ ટી. વાઘાણી (એડવોકેટ)
યુ-૫૫,ડાયમંડ વર્લ્ડ, માનગઢ ચોક, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો-૯૯૧૩૩-૨૭૧૦૩

અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મોજે ગામ કાપોદ્રા ની સીમમાં આવેલ અને હાલ સુરત મહાનગરપાલીકાની હદમાં સમાવિષ્ટ **બ્લોક/સર્વે નંબર : ૨૫/૧** વાળી જમીન કે જેનું **ટી.પી.નંબર : ૧૬,** કાપોદ્રા લાગુ પડતા ફાયનલ **પ્લોટ નંબર : ૨૬** આપવામાં આવેલ છે. તે જમીન ઉપર **"કમલપાર્ક કો.ઓ.હા.સોસાયટી. લી. વિભાગ-૨"** ના નામથી રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ **પ્લોટો પૈકી પ્લોટ નં. સી/૨૧૪** ના **સબ પ્લોટ નંબર : ૨૬** વાળી મિલકત માં **કમલપાર્ક કો.ઓ.હા. સોસાયટી લી.** દ્વારા ૧. હિતેષભાઇ લાભુભાઇ ભરોડીયા અને ૨. અશ્વિનભાઇ લાભુભાઇ ભરોડીયા ના નામથી **શેર સર્ટીફિકેટ નંબર : ૪, શેર નંબર : ૧૧ થી ૧૨૫ શેર નંગ : ૫** ઇસ્યુ કરવામાં આવેલ છે. જે શેર સર્ટીકિકેટ ગુમ થયેલ છે. જેથી તેઓને સોસાયટી દ્વારા ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવે તો તે અંગે કોઇ ને વાંધો, વિરોધ હોય તો તે અંગેની લેખીત જાણ સોસાયટીને **દિન-૭** માં કરવી. જો મજકુર મુદતમાં કોઇ વાંધા રજુ થશે નહિ તો તેઓને સોસાયટી દ્વારા ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઇસ્યુ કરી આપવમાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

ઓફિસ : દુ.નં. ૯, સાગર કોમ્પ. સાગર સોસા. કાપોદ્રા, સુરત. મો. ૯૮૨૪૯-૧૦૨૬૪
જીતેન્દ્ર કે. ચકરાણી (એડવોકેટ એન્ડ નોટરી)

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- **૨૮-૦૯-૨૦૨૬, સોમવાર** : અપ્સરા ઈન્ડ. નં.૨ (UM રોડ), અભય નગર (વરાછા), ભાવના (કતારગામ)
- **૨૯-૦૯-૨૦૨૬, મંગળવાર** : મનોજ (સકાર - ભટાર રોડ), કે.જી. જીઆઈડીસી ઈન્ડ. નં.૨૯ વાસુદેવ ઈન્ડ. (વરાછા રોડ)
- **૩૦-૦૯-૨૦૨૬, બુધવાર** : ચોર્યાસી ડેરી (પરવત પાટિયા), રૂબી ઈન્ડ. (વરાછા રોડ)
- **૦૧-૧૦-૨૦૨૬, ગુરુવાર** : વિવેકાનંદ ઈન્ડ. નં.૧ (ભાઠેના), સમ્રાટ (વરાછા), આમલીરન (વાડી ફળિયા)
- **૦૩-૧૦-૨૦૨૬, શનિવાર** : થુમેર જેમ્સ (એલ.એચ. રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા
8141970070 પર 'Hi' લખી મોકલાવો
પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda India's International Bank

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજી તા. 28-10-2026 બપોરે 2.00 થી 6.00
"પરિશિષ્ટ- IV-A [નિયમ 6 (2) અને 8 (6) ની જોગવાઈ જુઓ]

ક્ષેત્રીય કાર્યાલય, બારડોલી રીજન, દુકાન નં. 59 થી 66 અને 115 થી 122, બીજો માળ, કેલિસ્ટા મોલ, ગામ બાબેન, તા. બારડોલી, જી. સુરત-394601. મો. : 9860252616, ઈ-મેઈલ : recovery.robardoli@bankofbaroda.bank.in

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણે લઈ સુરક્ષિત મિલકતોનું વેચાણ.

આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને કરજદાર (ઓ), જામીનદાર(ઓ), મોર્ગેજર (ઓ) ને સૂચના આપવામાં આવી છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ટગેજ / સુરક્ષિત સધ્ધર લેણદારને ચાર્જ આપવામાં આવે છે, જેનો કબજો કબજો લેવામાં આવ્યો છે બેન્ક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોરડ ક્રેડિટર, નીચે જણાવેલ ખાતા / ખાતામાં બાકી લેણાંની વસૂલાત માટે "જેમ છે તેમ", "જે છે તે છે", અને "જે કંઈ છે ત્યાં" વેચવામાં આવશે. ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં. ઉધાર લેનાર / મોર્ટગેજર/ ગેરેટર / સુરક્ષિત સંપત્તિ / બાકી / અનામત ભાવ, બીડ વધારાની રકમ, ઇએમડીની વિગતો નીચે જણાવેલ છે.

અ. નં.	શાખા	દેવાદારોનું નામ જામીનદારોનું નામ	મિલકતોનું વર્ણન	મિલકતનો પ્રકાર	બાકી રકમ (લાખમાં)	રીઝર્વ કિંમત (રૂપિયામાં)	ઈએમડી (રૂપિયામાં)	કબજાનો પ્રકાર	મિલકતની ચકાસણી માટે સંપર્ક નામ અને નંબર
01	અંબેટી	ધલવાણીયા નિતીનભાઈ ઉમેશભાઈ	રો-હાઉસ નં. 101, શ્રીજી રેસીડેન્સી, ગ્રીન પાર્ક પાસે, મોજે હલધરૂ, તા. કામરેજ, જી. સુરત. પ્રો. ID : BARBZRH066377.	રહેઠાણીય	19.48	રૂ.9,72,000/-	રૂ.97,200/-	પ્રત્યક્ષ	યાદવ અમિત બળવંત 9173886658
02		રાઠોડ અનિલભાઈ	પ્લોટ નં. 98, સધે વિલા, ગામ હલધરૂ, સબ ડિસ્ટ્રી. કામરેજ, જી. સુરત. પ્રો. ID : BARBIHA076790.	રહેઠાણીય	18.46	રૂ.10,17,000/-	રૂ.1,01,700/-	પ્રત્યક્ષ	
03	ડીબી બારડોલી	ધર્મેન્દ્ર વિશ્વમ્ભરનાથ દુબે	પ્લોટ નં. 5, દિવ્યદર્શન સોસાયટી, અસ્તાન રોડ પાસે, બારડોલી, જી. સુરત. પ્રો. ID : BARBZDUD29960.	રહેઠાણીય	26.17	રૂ.25,11,000/-	રૂ.2,51,100/-	પ્રત્યક્ષ	પનવર પુનીત 8739915690
04		પ્રવિણકુમાર મિશ્રા	પ્લોટ નં. 721, માપ 60.39 ચો.મી., રસ્તા અને સીઓપીની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સાથે, "શિવાંતા હોમ્સ-1", અને આખી સોસાયટી બીનખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. 419, 420, 423 અને 424 ઉપર સ્થિત, જેનો બ્લોક નં. 450, માપ 60298.00 ચો.મી., ગામ ઉમરાખ, તા. બારડોલી, જી. સુરત-394345. પ્રો. ID : BARB067060926.	રહેઠાણીય	13.35	રૂ.10,01,000/-	રૂ.1,00,100/-	પ્રત્યક્ષ	
05	ગોથાણ	ગોપાલ લાલ તેલી	ફ્લેટ નં. H-102, સુપર બિલ્ટ અપ એરિયા 1015 ચો. ફુટ, બિલ્ટ અપ એરિયા 53.60 ચો.મી., પહેલો માળ, બિલ્ડીંગ નં. C/1 (માન્ય પ્લાન પ્રમાણે બિલ્ડીંગ નં. H), "સ્વર્ગ રેસીડેન્સી પાર્ટ-2", કથિત બિલ્ડીંગ ની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સાથે, જે જમીનનો પ્લોટ નં. 27/75/2, ટી.પી. સ્કીમ નં. 20, બ્લોક નં. 437, રેવન્યુ સર્વે નં. 391, અર્જુન નગર, પુણા, જી. સુરત-395010. પ્રો. ID : BARB061955106.	ફ્લેટ	22.42	રૂ.25,56,000/-	રૂ.2,55,600/-	સાંકેતિક	ભારદ્વાજ નિખીલ 9651503950
06		સાંઈ અમૃત પેકેજીંગ	પ્લોટ નં. 6, માપ 62.698 ચો.મી., "અયોધ્યા નગરી", રેવન્યુ સર્વે નં. 17/3 યાને બ્લોક નં. 65 પૈકી ઉપર સ્થિત, ગામ સાયણ, તા. ઓલપાડ, જી. સુરત. તેના પર બાંધવામાં આવેલા તમામ મકાનો અને માળખાઓ સાથે, જે પછીથી ઉપરોક્ત જમીનના પ્લોટ પર બાંધવામાં/બાંધવામાં આવી શકે તેવી ઇમારતો અને માળખાઓ સાથે. પ્રો. ID : BARB058752576.	રહેઠાણીય	24.23	રૂ.25,60,500/-	રૂ.2,56,050/-	સાંકેતિક	
07			પ્લોટ નં. 55, માપ 118.95 ચો.મી., "સંધ્યા ઈન્ડસ્ટ્રીયલ", રેવન્યુ સર્વે નં. 288 પૈકી યાને બ્લોક નં. 390 ઉપર સ્થિત, ગામ સાયણ, તા. ઓલપાડ, જી. સુરત. તેના પર બાંધવામાં આવેલા તમામ મકાનો અને માળખાઓ સાથે, જે પછીથી ઉપરોક્ત જમીનના પ્લોટ પર બાંધવામાં/બાંધવામાં આવી શકે તેવી ઇમારતો અને માળખાઓ સાથે. પ્રો. ID : BARB058752575.	ઈન્ડસ્ટ્રી		રૂ.29,52,000/-	રૂ.2,95,200/-	સાંકેતિક	
08	કડોદરા	પટેલ રોનક મનોજભાઈ	પ્લોટ નં. 10, શ્રી સાંઈ વિલા રેસિડેન્સી, ગામ ઈશનપોર, તા. ઓલપાડ, જી. સુરત. પ્રો. ID : BARBXTC071704.	રહેઠાણીય	22.35	રૂ.15,56,000/-	રૂ.1,55,600/-	પ્રત્યક્ષ	સિંહા કુમાર રાજન 8980026708
09		પટેલ ઉમેશભાઈ દિનેશભાઈ	ફ્લેટ નં. B/601, બિલ્ડીંગ નં. B, "શિવરંજની રેસીડેન્સી", ગામ પારડી કણદે, સબ ડિસ્ટ્રી. ચોર્યાસી, જી. સુરત. પ્રો. ID : BARBCUX074727.	રહેઠાણીય	20.60	રૂ.11,34,000/-	રૂ.1,13,400/-	પ્રત્યક્ષ	
10	કીમ	શ્રીનિવાસ ખરવર	પ્લોટ નં. 242, દાતાર રો-હાઉસ, ગામ સ્યાલદા, સબ ડિસ્ટ્રી. કીમ, જી. સુરત. પ્રો. ID : BARB2LB084333.	રહેઠાણીય	19.45	રૂ.5,78,700/-	રૂ.57,870/-	પ્રત્યક્ષ	વાલવે દત્તુ સંપત 9860145038
11	પુણા સુરત	મિનલ અનિલ શર્મા	ફ્લેટ નં. 701, માપ 48.01 ચો.મી. બિલ્ટ અપ એરિયા અને 42.94 ચો.મી. કુલ કાર્પેટ એરિયા, સાતમો માળ, "E-બિલ્ડીંગ", "સેવન હાઈટ્સ", રેવન્યુ સર્વે નં. 149/2, બ્લોક નં. 221, ગામ ડીંડોલી, તા. ઉધના, જી. સુરત. જેને આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. 25, ટી.પી. સ્કીમ નં. 62 (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), સિટી સુરત. કથિત બિલ્ડીંગની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું મપા 19.01 ચો.મી. પ્રો. ID : BARBLII065665.	ફ્લેટ	18.50	રૂ.14,70,000/-	રૂ.1,47,000/-	પ્રત્યક્ષ	સૌરભ વ્યાસ 6359909817
12		જ્ઞાનેશ્વર રામદાસ પાટીલ	પ્લોટ નં. 288 (કેજેપી પ્રમાણે બ્લોક નં. 109/288, માપ 40.18 ચો.મી. યાને 48.00 ચો.યાર્ડ), રસ્તા અને સીઓપીની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ 21.19 ચો.મી., "આરાધના એમ્બે વેલી", બ્લોક નં. 109 (રેવન્યુ સર્વે નં. 52/2), માપ 29340.00 ચો.મી., ગામ મોતા, સબ ડિસ્ટ્રી. બારડોલી, જી. સુરત. પ્રો. ID : BARBAKU006779.	રહેઠાણીય	9.65	રૂ.6,23,000/-	રૂ.62,300/-	પ્રત્યક્ષ	
13	ઉંભેળ	જગદીશ પાંડે	પ્લોટ નં. 148 (કેજેપી પ્રમાણે બ્લોક નં. 67/148), માપ 40.18 ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળે બાંધકામ સાથે કુલ માપ 35.94 ચો.મી., "દસ્તાન રેસીડેન્સી, રેવન્યુ સર્વે નં. 20, 59 અને 66, બ્લોક નં. 26, 67 અને 200, કથિત સોસાયટીના કોમન રસ્તા અને સીઓપીમાં અનુક્રમે પ્રમાણસર હિસ્સાનું માપ 13.25 ચો.મી., ગામ દસ્તાન, સબ ડિસ્ટ્રી. તા. પલસાણા, જી. સુરત. મિલકના માલિક શ્રી જગદીશ રાજકુમાર પાંડે અને શ્રીમતી પુજા જગદીશ. પ્રો. ID : BARBW9B065642.	રહેઠાણીય	11.20	રૂ.14,12,000/-	રૂ.1,41,200/-	પ્રત્યક્ષ	ટીલારા વિપુલ કિરીટભાઈ 9925429994

સાંકેતિક કબજા હેઠળ મિલકતના વેચાણ માટેના નિયમો અને શરતો : A. મિલકત સાંકેતિક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી પર પ્રતિકાત્મક કબજામાં મિલકત ખરીદે છે. B. બેંક મિલકતનો કબજો સાંકેતિક રીતે જ સોંપશે અને સફળ હરાજીમાં બિડર/ખરીદનાર બેંક પાસેથી પ્રત્યક્ષ કબજો મેળવવાનો દાવો કરશે નહીં. C. પ્રત્યક્ષ કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા ફરજ બંધાયેલ રહેશે નહીં. D. હરાજીમાં સફળ ખરીદનાર પૈસા પરત કરવાના કોઈપણ કિસ્સામાં કોઈપણ વ્યાજનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. E. હરાજીમાં સફળ ખરીદનારે ઈ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતી ઘોષણા કમ અન્ડરટેકિંગ સબમિટ કરવાનું રહેશે. F. વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવામાં નિષ્ફળ જાય , તો બિડની ઈએમડી રકમ જપ્ત કરવામાં આવશે.

સરફેસી કાયદા મુજબ , કરજદાર/જામીનદાર/મોર્ગેજરને 30 દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ | ઇએમડી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 28-10-2026, સાંજે 6:00 વાગ્યા સુધી.
ન્યૂનતમ બિડ વધારાની રકમ રૂપિયા 10,000/- (માત્ર રૂપિયા દસ હજાર) | મિલકતનું નિરીક્ષણ તા. 26-09-2026 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.bank.in/e-auction.htm અને ઓનલાઇન હરાજી પોર્ટલ માટે https://baanknet.comની મુલાકાત લો. તથા અધિકૃત અધિકારી ફોન : 9860252616 નો સંપર્ક કરો. (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

સ્થળ : બારડોલી | તારીખ: 25-09-2026
અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.